ગતિવિધિ

25 માં કારગિલ વિજય દિવસ નિમિતેવિવિધ સંસ્થાઓ દ્વારા સફાઈ સેવકોનું શાલ ઓઢાડીને સન્માન કરાયું

વડોદરા : 25 મા કારગિલ વિજય દિવસ નિમિતે પૂર્વ સૈનિક સેવા પરિષદ, JNHMC, આરોગ્ય ભારતી, જાયન્ટ્સ ગ્રુપ ઓફ ઇન્દ્રપુરી તેમજ વોર્ડ 5 ભાજપ પરિવાર દ્વારા શહેરના આજવારોડના કમલાનગર સ્થિત શિવમ વિદ્યાલય સંકુલ ખાતે વોર્ડ નં. 4,5,6 ના સારી સફાઈ કામગીરી કરતા પંદર - પંદર સફાઈ સેવકોનું શાલ ઓઢાડીને સન્માન કરીને સ્વછતાના શપથ લીધા હતા જેમાં કારગિલમાં શહિદોની શહાદતને યાદ કરવામાં આવ્યા હતા.

સર સયાજીનગર ગૃહ ખાતે સાર્વજનિક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાશે

વડોદરા : ઇન્દોરના મહારાણી અહલ્યાબાઇ હોલકર જેમનો જન્મ 31 મે, 1725ના રોજ મહારાષ્ટ્રના હાલના અહમદનગર જિલ્લાના ચૌંડી ગામમાં થયો હતો. તેમના પિતા માન્કોજી શિંદે, બીડ જિલ્લાના ચૌદે ગામના એક આદરણીય ધનગર પરિવારના વંશજ અને પાટિલ (મુખી) હતા. અહલ્યાબાઇ હોલકરેપોતાના સમયમાં ઘણાં સારા કામો કર્યા હતા જેમાં , ધાર્મિક,શૌર્ય અને લોકકલ્યાણ જેવા કામો સામેલ છે. સોમનાથ હોય કે અન્ય જ્યોતિર્લિંગ માટે તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે આવી મહાન વિભૂતિઓ માંથી નવી જનરેશનને માહિતગાર તથા તેઓનું અનુકરણ થાય તે જરૂરી છે. દેવી અહલ્યાબાઇ હોલકરના ત્રિશતાબ્દિ જયંતી ના ભાગરૂપે ખાસ શનિવારે શહેરના સર સયાજીનગર ગૃહ ખાતે સુમિત્રા મહાજનની ઉપસ્થિતિમાં સાર્વજનિક વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે

માળીમહોલ્લા, ખંડેરાવ મંદિર સ્થિત ચાર માતા મંદિરમાં પલ્લીનો કાર્યક્રમ યોજાયો



વડોદરા : માળી સમાજ દ્વારા તેઓના કુળદેવી ચાર માતા નો દર ત્રણ વર્ષે પલ્લીનો કાર્યક્રમ વર્ષોની પરંપરા મુજબ ઉજવવામાં આવે છે તેના ભાગરૂપે આજરોજ ખંડેરાવ મંદિર સ્થિત માળી મહોલ્લા નં.1 ખાતે આવેલા ચાર માતા મંદિર ખાતે માતાજીનાપલ્લીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે જેમાં સવારથી વિવિધ રંગોના ફૂલોથી માતાજીના મંદિરમાં શણગાર કરવામાં આવ્યો છે સાંજે હવન કાર્યક્રમ બાદ સમાજના લોકો તથા માંઇભક્તો માટે મહાપ્રસાદીનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં લોકોને જોડાવવા આયોજક મંડળના આગેવાનો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વડોદરા તાલુકાના શેરખી ગામ શ્રી રવિભાણ મંદિર ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

વડોદરા : શેરખી (નાનો ભાગ) ગામ માં શ્રી રવિભાણ મંદિર પ્રાંગણ ખાતે મેડિકલ કોલેજ (એસ એસ જી હોસ્પિટલ) વડોદરાના કોમ્યુનિટી મેડિસિન વિભાગ (FAP Programe) તેમ જ મોબાઇલ યુનિટ ઉપરાંત સ્થાનિક સહયોગી શ્રી રવિ ભાણ મંદિર ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે મેડિકલ કેમ્પ નું આયોજન કરાયુ હતું. જેમાં એસ એસ જી હોસ્પિટલ વડોદરા ખાતે થી 1) ફિજિશીયન, ગાયનેકોલોજીસ્ટ, પીડિયાટ્રીશિયન, સ્કિન સ્પેશિયલિસ્ટ, ઓપથલમોલોજીષ્ટ, ડેન્ટિસ્ટ જેવા વિવિધ તજજ્ઞ ડોક્ટરોએ હાજર રહી સેવા આપી હતી.સાથે સાથે કેમ્પમાં આવનાર તમામનું વજન, ઉંચાઈ, બી પી માપવું, RBS(સુગર, ડાયાબિટીસ ટેસ્ટ),જરૂર જણાય તેનો હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યા હતા.વડોદરા મેડિકલ કોલેજ ખાતે MBBS નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં 35 પરિવારો ની પ્રત્યક્ષ મુલાકાત લઇ આરોગ્ય ચકાસણી કરી જરૂરી સલાહ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વડોદરા શહેરની MSUમાં પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી

વડોદરા : ગત.તા.24ના રોજ વડોદરામાં પડેલા ભારે વરસાદ અને વિશ્વામિત્રી નદીના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે તા. 25 જુલાઈના રોજ સર્જાયેલી જળબંબાકારની સ્થિતિને ધ્યાનમાં રાખીને,તા. 26 અને તા.27 ના રોજ નક્કી કરાયેલી પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષાઓ હવે છેલ્લા નિર્ધારિત પેપર પછી સાતત્યમાં ગોઠવવામાં આવશે.જો કે, તમામ યુનિવર્સિટી કેમ્પસ રાબેતા મુજબ કાર્યરત રહેશે.

ગુજરાતમિત્ર
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
સરનામુ :- 28/29 , બીજો માળ , હિરાવંતી ચેમ્બર્સ , આર્યકન્યા મહાવિદ્યાલય સામે , કારેલીબાગ , વડોદરા . (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com

ગૃહસંસારના ત્યાંગ કરીને આરોપીને સાધુનો વેશ ધારણ કર્યો

ઠગાઈના ગુનામાં 18 વર્ષથી નાસતો ફરતો આરોપી ચાણોદથી ઝડપાયો

સાઉદ આફ્રિકા મોકલવાન બહાને બે લાખ પડાવ્યાં હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ઠગાઇના ગુનામાં છેલ્લા 18 વર્ષથી પોલીસ ધરપકડથી બચવા માટે નાસતા ફરતા ઠગ આરોપીને ચાણોદ ખાતે ઝડપી પાડ્યો હતો. આરોપીએ ગૃહસંસારનો ત્યાંગ કરીને સાધુનો વેશધારણ કરી લીધો હતો. ચાણોદ ખાતે આશ્રમ પર આવ્યો હોય ત્યાં પહોંચી પેરોલ ફર્લો સ્કોડે તેને ઝડપી પાડી ફતેગંજ પોલીસને સોંપ્યો હતો.

મૂળ આણંદ અને વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં રહેતા ચંદ્રકાંત પરસોથમ પટેલે (ઉંવ.72) તેના સાગરીત સાથે મળીને મળીને ન્યુ સમા રોડ ખાતે કે કે મોટર્સ ટ્રેનિંગ સ્કૂલના નામથી ઓફિસ ખોલી હતી. ત્યારે બંને જણાએ યુવકને સાઇથ આફ્રિકાના તાંઝાનીયા ખાતે મોકલી આપવાનુ કહીન તેમની પાસેથી ત્રણ મહિનામાં ટુકડે ટુકડે રૂ. બે લાખ લઇ લીધી હતા. યુવકની વિદેશી જવાની ટિકિટ કન્ફર્મ થઇ ગયું હોવાનુ જણાવી બંને ભેજાબાજોએ યુવકને મુંબઇ એરપોર્ટ ખાતે બોલાવ્યો હતો. જેથી યુવક મુંબઇ એરપોર્ટ ખાતે યુવક પહોંચી ગયો હતો. પરંતુ બંને જણા ત્યાં આવ્યા ન હતા. જેથી બંને ઠગો વિરુદ્ધ ઠગાઈની ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ છેલલા 18 વર્ષથી નાસતા ફરતા હતા. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કોડને 26 જુલાઇના રોજ બાતમી મળી હતી કે વર્ષ 2006માં સાઇથ આફ્રિકા મોકલવાના બહાને ઠગાઇ કરનાર આરોપી ચંદ્રકાંત પટેલ ચાણેદ ખાતે આવ્યો છે. જેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમ ચાણોદ ખાતે પહોંચી ગઇ હતી અને 18 વર્ષ બાદ ફરાર આરોપીને ઝડપી પાડીન ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યો હતો. તેની પુછપરછ કરતા તેઓની માતાનું અવસાન થતા તેમની મિલકત સગાસબંધીઓ દ્વારા પચાવી પાડવમા આવી હતી. જેથી તેણે ગૃહસંસાર નો ત્યાંગ કરીને સાધુનો વેશ ધારણ કરીને વડોદરા છોડી ભારત ભ્રમણ માટે નીકળી ગયો હતો. મોટાભાગે પંશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ભાડે રૂમ રાખીને તેમાં જીવન વ્યતીત કરું છુ.

જાહેરમાં ખુલ્લા હથિયારો સાથે ધસી આવતા તંગદિલી ફેલાઇ

મુક્તાનંદ સર્કલ પાસે હિન્દુ યુવક પર લઘુમતી કોમના યુવકો દ્વારા ચાકુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના ફતેપુરા મંગલેશ્વરઝાંપા પાસે રહેતા નિરજ ગજાનંદ (ઉંવ.25)એ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે 25 જુલાઈના રોજ હુ મારા મિત્રો મુયર, કપિલા, કરણ તથા જય સાથે ઠંડુ પીવા માટે ઘરેથી ટુ વ્હીલર લઈને મુકતાનંદ જનતા આઈસ્ક્રીમ પર ગયા હતા. અમેને બાઈક લઈને જતા ત્યારે બે બાઈક પર જણા અમારો પીછો કરીને ત્યાં ધસી આવ્યા હતા.

ત્યારબાદ ચાકુ તથા પટ્ટો લઈને મારી પાસે આવીને પાછળથી પીઠમાં ચાકુ મારી દીધુ હતું જ્યારે અન્ય શખ્સોએ મને માર માર્યો હતો. જેથી હુ લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઇ પડ્યો હતો. ત્યારે મારો મિત્રો દર્શને ત્યાંથી મને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યારે દોઢ વર્ષ અગાઉ મારા મિત્ર કપિલ સાથે ઝઘડો થયો હોય તેની અદાવતે પાંચ જેટલા શખ્સો ધસી આવી ધિંગાણુ મચાવી દીધુ હતું.

કારેલીબાગ પોલીસે બે લોકોની ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ લઘુમતિ કોમના યુવકે તલવાર તથા ચાકુ સહિતના હથિયારો સાથે ધસી આવ્યા હોવા છતાં પોલીસ દ્વારા કેમ ફરિયાદમાં હુમલો કરનાર આરોપીઓન નામ લખ્યા નથી. બીજી તરફ બે ત્રણ યુવકો પર હુમલો કર્યો હોવા છતાં કેમ દર્શાવવામાં નથી આવ્યું. જેને લઈને પોલીસની કામગીરી સામે પણ શંકાની સોય કરાઇ રહી છે.

ટ્રેનમાં સગીરાના શારીરિક અડપલ કરી યુવક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

મહારાષ્ટ્રનો પરિવાર 13 જુલાઈના રોજ સૌરાષ્ટ્ર મેલ ટ્રેનમાં બેસીને દ્વારકા દર્શન કરવા માટે જઈ રહ્યો હતો. પરિવારમાં કોચમાં બેઠો હતો ત્યારે તેમની સાથે એક યુવક પણ બેઠો હતો. આ યુવકે મહારાષ્ટ્રીય પરિવારના 11 વર્ષીય દીકરીની શારીરિક છેડતી કરી હતી. ત્યારબાદ બાદ યુવક વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેન પહોંચતા ઉતરી ગયો હતો.

સગીરાએ તેના માતાને યુવકે કરેલી કરતૂત અંગે જાણ કરી હતી. ત્યારે તેની માતાએ ગઈ કાલે વડોદરા રેલવે સ્ટેશનમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી રેલવે પોલીસે ટેકનિકલ હ્યમન સોર્સ તથા સીસીટીવી કેમેરાના આધારે અડપલા કરનાર યુવકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે રેલવે સ્ટેશનો ઉપર વધતા જતા ક્રાઇમ રેશીયોને ડામવા માટે લોકલ પોલસ અને રેલવે પોલીસ સતર્ક બની છે.

વડોદરા સ્ટેશન પાસેનું અલકાપુરી ગરનાળુ કોર્પોરેશન માટે માથાના દુખાવા સમાન બન્યું

■ પાલિકા દ્વારા પ્રિ મોન્સુન કામગીરી ના દવા પોકળ સાબિત થઇ રહ્યા છે શહેરના અનેક વિસ્તારોમાં વરસાદના કારણે જલ ભરાવ ના દ્રશ્યો સર્જાયા હતા પાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ નું કેહવુ છે વરસાદ પેહલા પ્રિ મોન્સુન કામગીરી પૂર્ણ કરવા માં આવી છે પાણી ૨૪ કલાકમાં ઉતરી પણ જાસે ત્યારે વડોદરા શહેરમાં બે દિવસ અગાઉ ખાબકેલા વરસાદના કારણે અલકાપુરી ગરનાળામાં પાણી ભરાયાં હતાં જેના કારણે વાહનો ની આવજાહી બંધ થઈ ગઈ હતી દર વર્ષની માફક આ વરસે પેહલા વરસાદ માંજ અલકાપુરી ગરનાળું ભરી જતાં લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો . વરસાદે બે દિવસ થી વિરામ લીધો હોવા છતાં અલકાપુરી ગરનાળામાં ભરાયેલા પાણી હજી ઓસર્યા નથી જેના લીધી પ્રજા એ અનેક ઠેકાણે ફરી ને પશ્ચિમ વિસ્તાર તરફ જવું પડે છે . દર ચોમાસામાં આવી પરિસ્થિતિ થાય છે તોય પાલિકા ચોમાસા પેહલા કરોડોના ખર્ચે પ્રિ મોન્સુન કામગીરી પૂર્ણ થઈ હોવાના દાવા કરતી હોય છે પરંતુ પાલિકાના કામ પર સવાલો ઉભા થઇ રહ્યા છે.

વડોદરામાં ઢોર ડબ્બા પાર્ટી પર જીવેલણ હુમલો કરનાર ત્રણ પશુપાલકોની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા મહાનગર પાલિકાની ઢોર ડબ્બા પાર્ટીમાં કેટલ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા પ્રદીપ તુકારામ જાદવ (રહે.માંજલપુર) તેમના અન્ય કર્મચારીઓ સાથે હરણી વિસ્તારમાં રખડતા ઢોરો પકડવા માટે ગયા હતા. જેવી પાર્ટીએ ઢોર પકડ્યા હતા ત્યારે ત્રણ પશુપાલકો ધસી આવ્યા હતા અને ડબ્બા પાર્ટીના કર્મચારીઓની કામગીરીમાં અવરોધ ઉભો કરીને પકડેલા ઢોરને છોડાવી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમને કામગીરીના દખલગીરી કરશો નહી તેમ જણાવ્યું હોવા છતાં એક પશુપાલક લાકડી અને ચાકુ લઈને આવ્યો હતો. ત્યારબાદ તેણે અમારી ગયો કેમ પકડો છે તેમ કહી ઈન્સ્પેક્ટર પર સહિતના કર્મીઓ સાથે ઝઘડો કર્યા બાદ તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં કર્મચારીઓના ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન ટેકનિકલ સોર્સિસના આધારે ત્રણ પશુપાલકો ધર્મેશ ઉર્ફે ધમો દેવર ભરવાડ, દેવર ઉર્ફે દેહુર ભરવાડ તથા અજય ધુધા ભરવાડ (રહે. તમામ રહે. દરજીપુરા ગામ)ની ધરપકડ કરીને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ત્રણ આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

ત્રણેય ઝોનમાં મળીને હયાત વરસાદી ગટરના દુરસ્તીકરણ માટેના કામોને મંજૂરી આપવામાં આવી

સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણયો, 20 કામો મંજૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી ખાતે સ્થાયી સમિતિની બેઠક મળી હતી. જેમાં કુલ 20 કામો અને 4 વધારાના કામ મળી 24 કામો મંજૂરી અર્થે મૂકવામાં આવ્યા હતા. જેમાંથી 20 કામોને મંજૂર કરી ચાર કામો મુલતવી કરવામાં આવ્યા હતા. મળેલ બેઠકમાં મુખ્યત્વે ડ્રેનેજ અને વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા, આરોગ્ય ખાતુ મુખ્ય કચેરી, ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા, પાણી પુરવઠા શાખા, જન સંપર્ક વિભાગ, રોડ પ્રોજેક્ટ શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સયાજી બાગ ઝુ શાખા જેવા મહત્વના વિભાગના કામો મંજૂરી અર્થે લેવામાં આવ્યા હતા જેમાંથી 20 કામોને મંજૂર કરી 4 કામો મુલતવી કરાયા હતા. સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે શહેરના દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન અને પૂર્વ ઝોન એમ ત્રણેય ઝોનમાં મળીને હયાત વરસાદી ગટરના દુરસ્તીકરણ માટેના કામોને મંજૂરી આપવામાં આવી છે. ઉત્તર ઝોન અને પશ્ચિમ ઝોન વિસ્તારમાં

વરસાદી ગટર સફાઈના કામોને મંજૂર કરવામાં આવ્યા છે. ગાજરાવાડી હાથીયાખાડ સ્લોટર હાઉસ ખાતેનું કામ મુલતવી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઈલેક્ટ્રિકલ મેકેનિકલ સુવેજ ડી. વર્કસ શાખા હસ્તકના વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી છે. ડ્રેનેજ પ્રેશર લાઇન રીપેરીંગ અને મેન્ટેનન્સ ના કામમાં 8 લાખનો વધારો માંગવામાં આવ્યો હતો અને અટલાદરા, ગાજરાવાડી, કપુરાઈ ખાતે આવેલ સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ક્લોરીનેશન સિસ્ટમ બનાવવાનું, એમ બંને કામોને હાલ મુલતવી રાખવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકાની માલિકીના ચાર સુપર સકર મશીનના 14,500 પ્રતિ 8 કલાક ની શિફ્ટનો ભાવ મંજુર કરવામાં આવે છે તેમજ જેસીબી મેકના વાહનોના સ્પેરપાર્ટસ અને ટાયર ટ્યુબના કામોને મંજૂર કરવામાં આવે છે. ધી વડોદરા મહાનગરપાલિકા એમ્પ્લોઈસ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ તરફથી રાહત દરે વિતરણ કરવામાં આવનાર ચોપડાના બંને મેન પેજ પર પાલિકાની જાહેરાત પ્રસિદ્ધ કરવાનું મંજૂર કરવામાં આવે છે.

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સીરભકુમાર નાપીત મો. ૭૮૪૮૨૮૯૮૯, વિકાસ સાવરીયા મો. ૯૮૨૪૮૨૬૦૪, બ્રન્ટી રામજીવાણી મો. ૬૦૨૬૦૪૭૦૧, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૬૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૬૦૦૦૫૮,

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર.બી.આઈ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરૂપે સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસરની પાકકી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા ન માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાઈ મુજબ નીચે મુજબના કોષ્ટક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શાવ્યા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અસ્કયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સક્ષમ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૮ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવા માં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબ ની છે :

	ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ	ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર	મોર્ગેજ કરેલ સ્થાવર મિલકતનું વર્ણન
૧	ઉધારકર્તા :- ચિરાગહુસેન સૈયદ સહ-ઉધારકર્તા :- નીલોફરબાનુ સૈયદ	Dt. 14-06-2024 & Rs. 7,90,924/- & A/C No. GJ/ANK/VGRA/A000000008	રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા અને સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કરજણના નવાબજાર વિસ્તારમાં રે.સ.નં. ૭૯૬, સી.સ. નં. ૮૮૩ છે. સદર જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૪-બી જેની વિગત નીચે મુજબ છે.રે.સ.નં. ૭૯૬,સી.સ.નં.૮૮૩,ટી.પી. સ્કીમ નંબર ૨,એફ પી નંબર ૧૧૯,પ્લોટ નંબર ૪-બી,ચો.મી ૬૫.૦૦, બાંધકામ ૬૫.૦૦ જેની ચતુર્દિશા નીચે પ્રમાણે છે. પુર્વે : મુસ્તાકભાઇ ગનીભાઇ કુરેશીનું ઘર આવેલ છે. પશ્ચિમે : મોઇદીન ઘાંચીનું ઘર છે. ઉત્તરે : જાહેર રાજમાર્ગ છે.દક્ષિણે : અલ્લારખા રહેમતુલ્લા તથા કાલુભાઇ રહેમતુલ્લાનું ઘર આવેલ છે.

સ્થળ : વડોદરા
તારીખ : ૨૭-૦૭-૨૦૨૪
અધિકૃત અધિકારી
હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

હરાજી વેચાણ નોટિસ
એડલવેસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ
સીઆઈએનઃ U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવેસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટ્રસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (નિયમ) નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચતા ગીરિ મૂકાયેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (હવે પછી 'અસાઈનર' તરીકે ઓળખવામાં આવશે) એડલવેસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડને તેની ક્ષમતામાં વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે અસાઈન કરવામાં આવી છે જે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઇનમેન્ટના અનુસંધાનમાં, EARC એ અસાઇનરના રૂપમાં સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના 13(4) અને તેના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સિક્યોર્ડ મિલ્કતનો કબજો લીધો હતો.
15-30 દિવસની નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર, સહ-ઉધાર લેનાર અને બાંયધરી આપનાર(ઓ)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતો સિક્યોર્ડ કેડિટરની તરફેણમાં ગીરો છે જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ કેડિટરના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે અને તેને વ્યાજ સાથે EARCને લેવાની નીકળતી નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે, "એઝ ઈઝ વ્હેર ઈઝ", "એઝ ઈઝ વ્હોટ ઈઝ", અને "વ્હોટેવર ધેઅર ઈઝ" આધારે વેચવામાં આવશે. અને EARC દ્વારા ઋણ લેનાર અને બાંયધરી આપનાર પાસેથી પુનઃપ્રાપ્ત કરાયેલા કોઈપણ નાણાંને કાપી તેના પર આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ/લાગત સાથેની કુલ રકમને વસુલવા આ વેચાણ કરાશે. દરેક પ્રોપર્ટી માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મૂકવામાં આવેલી સિક્યોર્ડ મિલકતની વિગત

લોન એકાઉન્ટ નંબર-સેલિંગ ઈન્સ્ટીટ્યુશન	ઋણ લેનારનું અને સહ-ઋણ લેનારનું નામ	ટ્રસ્ટનું નામ	બેન્કનું નામ અને શાખા, એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ	25-07-2024ના રોજ કુલ બાકી રકમ (રૂ.)	અનામત કિંમત (રૂ.)	ઈએમડી (રૂ.)	તારીખ અને હરાજીનો સમય	કબજાનો પ્રકાર
432RLP47191356 / 432RLP